FORTUNA PR



| Publication | Divya Gujarat | Date | 06-06 -2017 | Page No. | 03 |
|---|---|---|---|---|---|
| Client Name | Kamdhenu | Edition | Ahmedabad | | |



# કામધેનુનો ચોથા ત્રિમાસિકગાળામાં નફો : ૩૧ ટકા વધ્યો, આવકમાં ૨૩ ટકાની વૃદ્ધિ

ભારતમાં બ્રાન્ડેડ ટીએમટી બાર્સના સૌથી મોટા ઉત્પાદક અને વેચાણકર્તા કામધેનુ લિમિટેડે ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ સમાપ્ત થયેલા સમાપ્ત થયેલા ચોથા ત્રિમાસિકગાળા અને નાણાકીય વર્ષ માટે પોતાના નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે.

૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ સમાપ્ત થયેલાં ચોથા ત્રિમાસિકગાળા માટે કંપનીની આવકો ગત વર્ષની સરખામણીમાં ૨૩ ટકા વધીને રૂ. ૨૪૨ કરોડ થઈ છે. સમીક્ષા હેઠળના આ સમયગાળામાં કરવેરા પૂર્વેનો નફો ગત વર્ષની તુલનામાં ૮ ટકા વધીને રૂ. ૪.૪૦ કરોડ નોંધાયો છે. આ ઉપરાંત કરવેરા બાદનો નફો પાછલા વર્ષની સરખામણીમાં ૩૧ ટકા વધીને રૂ. ૩.૦૧ કરોડ થયો છે. ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ સમાપ્ત થયેલાં નાણાકીય વર્ષ માટે કંપનીની આવક અગાઉના નાણાકીય વર્ષની સરખામણીમાં ૨ ટકા ઘટીને રૂ. ૮૨૫ કરોડ થઈ છે. સમીક્ષા હેઠળના આ સમયગાળામાં કંપનીનો કરવેરા પૂર્વેનો નફો પાછલા વર્ષની સરખામણીમાં ૧૭ ટકા વધીને રૂ. ૧૪.૪૮ કરોડ તથા કરવેરા બાદનો નફો અગાઉના વર્ષની તુલનાએ ૨૧ ટકા વધીને રૂ. ૯.૮૩ કરોડ નોંધાયો છે. કંપનીના પરિણામો અંગે પ્રતિક્રિયા આપતા સીએમડી શ્રી સતિષ કુમાર અગ્રવાલે જણાવ્યું હતું કે, “વોલ્યુમ આધારિત વૃદ્ધિ સાથે ચોથા ત્રિમાસિકગાળામાં પ્રદર્શન ખુબજ સારું રહ્યું છે. નોટબંધી અને સ્ટીલ ભાવ સંબંધિત પડકારો વચ્ચે પણ અમે સારું પ્રદર્શન જાળવી રહ્યું છે.”